# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-9ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી આગામી **તા.28/01/2026** ના રોજ લેવાનાર છે. આ કસોટી માટે આવેદન કરેલ પરીક્ષાર્થીઓની પ્રવેશિકા(હોલટિકિટ) **તા.19/01/2026** ના રોજથી બોર્ડની વેબસાઇટ **gseb.org** અથવા **tst.gsebht.in** પરથી શાળા દ્વારા ડાઉનલોડ કરી શકાશે. શાળાઓએ પરીક્ષાર્થીઓની હોલટિકિટની પ્રિન્ટ કાઢી, તેની ખરાઈ કરી તથા હોલટિકિટમાં પરીક્ષાર્થીની સહી, વર્ગશિક્ષકની સહી તેમજ આચાર્યના સહી-સિક્કા કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા અને સમય મર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

(આર. આર. વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**સ્થળ**: ગાંધીનગર
**તારીખ**: 19/01/2026